PNR સોસાયટી દ્વારા મુંબઈ ખાતે દાતાશ્રીઓનો સન્માન સમારોહ પેજ નં. ૧૦ ઉપર


PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓનો

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ મે : ૨૦૨૫, અંક નં. ૧૪૯/૫૧૫





સ્વ. વામનભાઈ વી. પારેખની ચિર વિદાય

## નિકેન વઢિયારે એથ્લેટિકમાં નેશનલ લેવલે બ્રોન્ઝ મેડલ મેળવ્યો


પેજ નં. પાંચ ઉપર


વોલીબોલમાં વિદ્યાર્થીનીઓએ સ્ટેટ લેવલે સિલ્વર મેડલ મેળવ્યો

અશરફ મનસુરીએ ચેસ સ્પર્ધામાં સ્ટેટ લેવલે ગોલ્ડ મેડલ મેળવ્યો.

## શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળાના વિદ્યાર્થીઓની ખેલકૂદ ક્ષેત્રે સિદ્ધિઓ


Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly

Date of Publication : 15 May - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

## શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર



હોટલ જર્નિપ્સની મુલાકાત



શ્રી કુસુમબહેન મહેતાની શાળા મુલાકાત




વિશાલવીન ફાઉન્ડેશન ગાર્ડિયન એવોર્ડ મેળવતા ફાલ્ગુનીબહેન મકવાણા



'ધ શોપ ઓફ ફેઈથ' નું ઉદ્‌ઘાટન



શ્રી નિશીથભાઈ મહેતાની શાળા મુલાકાત તથા કીટ વિતરણ




શ્રવણમંદ વિદ્યાર્થીનીઓએ મેળવી રૂા. ૩,૪૫,૦૦૦/-ની જ્ઞાનપ્રભા શિષ્યવૃત્તિ

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


● બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર................૦૨
● INDEX.......................................૦૩
● 'વામન માંથી વિરાટ' મહામાનવની વિદાય .........૦૪
● શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના વિદ્યાર્થીઓની ખેલ-કૂદ ક્ષેત્રે સિધ્ધિઓ................................૦૫
● શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ......૦૫
● નટરાજ સી. પી. બાળકોની શાળા.................૦૬
● કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .........૦૭
● પી.એન.આર. હોસ્પિટલ ........................૦૮
● પ્રવીણચંદ્રદલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર........૦૮
● શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા. વિ.)......૦૯
● મુંબઈમાં PNRના દાતાશ્રીઓનો ઋણ સ્વિકાર સમારોહ .................................૧૦
● ૯૮ દિવ્યાંગ પરિવારોને અન્નદાન કીટ વિતરણ .....૧૦
● મુંબઈ ખાતે સન્માન સમારોહની તસ્વીરી ઝલક ........૧૧
● શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.).........૧૯
● શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય..૨૦
● શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય............૨૧
● અંબા સી. પી. હોસ્ટેલ...........................૨૧
● શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ ...........૨૨
● શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ................૨૨
● 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..............૨૩
● પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ............................૨૫
● ડોનેશન લિસ્ટ....................................૨૫
● PNR તસ્વીર સમાચાર..........................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## દાતાશ્રીઓનો ઋણ સ્વિકાર સમારોહ

PNR સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓ, વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવનારાઓ માટે અનેકવિધ પ્રોજેકટો વર્ષોથી ચલાવી રહી છે.

મિત્રો, કોઈ પણ સંસ્થાના વિકાસ અને તેની સફળતા માટે, આ ત્રણ વ્યકિતઓની ખૂબ અગત્યતા છે, જેમાં નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરતા ટ્રસ્ટીશ્રીઓ, કર્મનિષ્ઠ કર્મચારીગણ અને ઉદારદિલ દાતાશ્રીઓ.

આ દાતાશ્રીઓના આર્થિક સહયોગથીજ આપણે દિવ્યાંગોના ઉત્કર્ષ માટેના લક્ષ્યને પ્રાપ્ત કરી શક્યા છીએ. આપણે જે દિવ્યાંગતામુક્ત સમાજ માટે પ્રામાણિકતા, પારદર્શકતા અને વૈજ્ઞાનિક અભિગમથી કાર્ય કરી રહ્યાં છીએ, તેમાં દાતાશ્રીઓનું ખુબ મોટું યોગદાન છે. આથી તેમનો હૃદયથી આભાર માનવા, આવા અસંખ્ય વિવિધ કંપનીઓના સ્થાપકો-મેનેજિંગ ડિરેકટરો અને વિવિધ ટ્રસ્ટોના સંચાલકો તથા અન્ય ઉદારદિલ દાતાશ્રીઓના 'ઋણ સ્વિકાર' માટેનો સમારોહ, ભવ્ય રીતે મુંબઈમાં યોજાયો હતો. તેમાં દાતાશ્રીઓને, તેમના પરિવારજનો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં, પૂ. નિજાનંદ સરસ્વતી સ્વામીજી અને સાહિત્યવિદ્ શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ હસ્તે સન્માનવામાં આવ્યાં, તે ખૂબજ ગરીમામય અને ગૌરવપૂર્ણ ક્ષણો હતી.

દિવ્યાંગો પ્રત્યે સંવેદનશીલ હૃદય ધરાવતા આવા તમામ દાતાશ્રીઓને આપણે સલામ કરીએ છીએ.

**કિરીટ રાઠોડ**

**Education is the ability to listen to almost anything without losing your temper or your self confidence.** Victor Hugo


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postal Reg. L2/36/RNP/
BVR-414/2025-27, Monthly

● **અંક નં. : ૧૪૯/૫૧૫**
૧૫ મે - ૨૦૨૫

● **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
**E-mail** : info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us** : www.pnrsociety.org
www.klinstitutedeaf.org

● તંત્રી
**અનંત કે. શાહ**

● સહતંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**

● પ્રિન્ટિંગ
વંશિકા ફોર્મ્સ, ભાવનગર

● 'કોશિશ થી કામયાબી' લવાજમ
**આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**

● **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

● ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
વંશિકા ફોર્મ્સ, ભાવનગર

● સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**રાજેશભાઈ હકાણી**


● **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |



# 'વામન માંથી વિરાટ' મહામાનવની વિદાય

✍ કિરીટ રાઠોડ

**સ્વ. વામનભાઈની જીવન યાત્રા...**



સ્વ. વામનભાઈ વી. પારેખ મુળ મહુવા પાસે મોટા ખૂંટવડાના વતની, પરંતુ કર્મભૂમિ એમને મુંબઈને બનાવેલ. ૫ જાન્યુઆરી, ૧૯૩૬માં જન્મ અને ૨જી મે ૨૦૨૫માં તેમનું દેહાવસાન થયું. આશરે ૯૦ વર્ષની જિંદગીમાં તેમણે શૂન્યમાંથી વિશાળ સર્જન કર્યું. તેઓ પોતાની પાછળ ધર્મપત્નિ નલિનીબહેન, પુત્રો હિતેનભાઈ, મનિષભાઈ અને પુત્રીઓ રાજલબહેન, પ્રિયંકાબહેન તથા વિશાળ કુટુંબને છોડી અનંતની યાત્રાએ નિકળી ગયા છે.

સ્વ. વામનભાઈ પારેખે મુંબઈ, પાર્લા ઈસ્ટમાં, એક નાના રૂમમાં બટનનું ઉત્પાદન શરૂ કર્યુ. ૧૯૭૦ ના દાયકામાં, ચેર, ડ્રમ, બાથટબ, ક્રેટના માસ પ્રોડકશનની વિદેશોની ડિમાન્ડ પૂરી કરી. છેલ્લે ૨૦ કિલો વજનના પેલેટનું ઉત્પાદન કરી, નીલકમલ અને અન્ય સ્વદેશી કંપનીના ઉત્પાદનની નિકાસમાં સહયોગી થયા. એક નેગેટિવ ઉત્પાદન 'પ્લાસ્ટિક' ને ઉપયોગી ઉત્પાદનમાં ફેરવી નાખવાના આજીવન પ્રયત્નોએ, તેઓશ્રીને લાઈફ ટાઈમ એવોર્ડ ના અધિકારી બનાવેલ. આટલું જ નહીં પણ 'નીલકમલ લિમીટેડ' ને ૨૦૦૦ કરોડની બ્રાન્ડ વેલ્યુવાળી કંપની અને **વિશ્વની સૌથી મોટી મોલ્ડેડ પ્લાસ્ટિક ફર્નિચર** બનાવનારી કંપની બનાવી.

સ્વ. વામનભાઈની વ્યયવસાયિક યાત્રાની સાથો-સાથ, માનવીય સંવેદનાની યાત્રા પણ સાથે રહી. વર્ષોથી દિવ્યાંગો માટે એક છત્ર નીચે કામ કરતી PNR સોસાયટી-ભાવનગરના તેઓ દાતા, ટ્રસ્ટી, વાઈસ ચેરમેન અને માર્ગદર્શક રહ્યાં. દિવ્યાંગ, વ્યથિત, પીડિત વ્યકિતઓ માટે પ્રોજેકટ બનતા હોય, તો તેનું આર્થિક સમાધાન તેઓ હતાં. PNR સોસાયટીના સેવાયજ્ઞના બધા જ પ્રસંગ તેઓશ્રીની હાજરી અને ઉદારદિલીથી શોભી ઉઠતા. CSR એમના જીવનમાં વણાયેલ હતી.

PNR સોસાયટીની માવજત અને ઉછેરમાં તેમની મહત્વની ભૂમિકા હતી. PNR માં નીલકમલ કોર્પસ ફંડમાંથી પ્રતિ વર્ષ, શ્રવણમંદ, પ્રજ્ઞાચક્ષુ, મંદબુધ્ધિ, સેરેબ્રલ પાલ્સિ વગેરે બાળકોને વિવિધ જરૂરી સાધનો અપાય છે.

**સ્વ. વામનભાઈ પારેખની પ્રાર્થના સભા**



પી.એન.આર. સોસાયટી, ભાવનગરની સંલગ્નિત સંસ્થાઓ શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, અને શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ દ્વારા પી.એન.આર. હોસ્પિટલના હોલમાં આપણા વાઈસ ચેરમેન, જાણીતા ઉદ્યોગપતિ અને ઉદારદિલ દાતા સ્વ. વામનરાય પારેખના તા. ૨ મે,'૨૫ ના રોજ થયેલ દેહાવસાન નિમિત્તે ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, વિશિષ્ટ શિક્ષકોની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રાર્થના સભામાં ભજન-કીર્તન પછી શ્રી બાબાભાઈએ દિવંગતની સંવેદનશીલ, પરોપકારીવૃત્તિ અને ઉદાર સ્વભાવના સંસ્મરણો રજૂ કર્યા હતાં. સામૂહિક ધુનના પવિત્ર વાતાવરણમાં દિવંગતના આત્મશ્રેયાર્થેની ભાવના વ્યકત કરાય હતી. શ્રી પારસભાઈ શાહે શોક ઠરાવનું વાંચન કર્યું હતું. અંતમાં સદગતના આત્માના શ્રેયાર્થે બે મિનિટ મૌન શ્રધ્ધાંજલિ અપાય હતી.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના વિદ્યાર્થીઓની ખેલ-કૂદ ક્ષેત્રે સિધ્ધિઓ

**૧. રાષ્ટ્રિય કક્ષાએ ઉંચી કૂદમાં બ્રોન્ઝ મેડલ મેળવતો શ્રવણમંદ વિદ્યાર્થી નિકેન વઢીયાર :**

તા. ૨૬-૩-૨૫ થી ૨૯-૩-૨૫ દરમ્યાન કેરલના ત્રિવેન્દ્રમ ખાતે ઓલ ઈન્ડિયા સ્પોર્ટ્સ કાઉન્સિલ ફોર ધ ડેફ દ્વારા નેશનલ ગેમ સિનીયર, જુનિયર એન્ડ સબ જુનિયર સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ઓથ્લેટિકસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ નેશનલ ગેમમાં સમગ્ર દેશમાંથી ૨૦ રાજયો અને અંદાજિત ૬૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં આપણી શાળાના પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના વિવિધ વિભાગના ૮ ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો.

જેમાંથી વઢીયાર નિકેને (ધો. ૧૧) ઉંચી કૂદમાં નેશનલ ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનું ભાવનગર, તેમજ સમગ્ર ગુજરાતનું નામ ગૌરવવંતુ કર્યુ હતું.

નેશનલ ટુર્નામેન્ટની ગુજરાતની ટીમના કોચ તરીકે શ્રી સંદિપભાઈ ગોસ્વામી તથા મેનેજર તરીકે શિક્ષક શ્રી હિમાક્ષીબહેન મકવાણા અને શ્રી ઉજવલાબહેન વ્યાસ જોડાયાં હતાં. સ્થાનિક કોચ તરીકે શ્રી હિતેશભાઈ વ્યાસનું માર્ગદર્શન રહ્યું હતું.

**૨. રાજય કક્ષાના સ્પે. ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધામાં ભાવનગરના શ્રવણમંદ વિદ્યાર્થી અશરફ મન્સુરીએ મેળવ્યો ગોલ્ડ મેડલ :**

ગુજરાત સરકાર અને ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ફોર ધ ડેફ દ્વારા અમદાવાદ લાયન્સ કલબ હોલ ખાતે તા. ૧૯-૪-૨૫ સ્પેશિયલ ખેલ મહાકુંભ ૩.૦ રાજય કક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેસ સ્પર્ધામાં શાળના ખેલાડી ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. જેમાં અંડર ૧૬ ભાઈઓના વિભાગમાં પ્રથમ ક્રમાંકે ગોલ્ડ મેડલ મન્સુરી અશરફ જાવેદભાઈએ પ્રાપ્ત કર્યો હતો. જયારે ચોથા ક્રમાંકે કોઠારી વેદ ચેતનભાઈ વિજેતા બન્યા હતો. શાળાના રમત શિક્ષક શ્રી હિતેશભાઈ વ્યાસનું માર્ગદર્શન મળ્યું હતું.

**૩. વોલીબોલ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવતા વિદ્યાર્થીઓ...**

ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ફોર ધ ડેફ અને ગુજરાત સરકાર દ્વારા, અમદાવાદ ખાતે તા. ૩૦-૪-૨૫ થી તા. ૨-૫-૨૫ દરમ્યાન રાજયકક્ષાના સ્પે. ખેલ મહાકુંભની વોલીબોલ બહેનોની સ્પર્ધા યોજાયેલ હતી.

જેમાં શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ભાવનગરની બહેનોની ટીમે દ્વિતીય ક્રમાંકે સિલ્વર મેડલ પ્રાપ્ત કરી, શાળા તેમજ ભાવનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

ટીમની ખેલાડીઓ વાણિયા જીજ્ઞા, કોટડિયા વિજયા, માંગુકિયા વિધ્વિ, ચાવડા દયા, ભીમાણી સોનલ, વાસિયા મનિષા વાલ્હે જાગૃતિ, રાઠોડ નંદની, આંબલિયા હેમલતાએ ખૂબ જ સરસ પ્રદર્શન કર્યુ હતું. ટીમ સાથે શિક્ષક શ્રી વર્ષાબેન તથા શ્રી નીતાબેન ગયા હતાં. તેમજ માર્ગદર્શક, કોચ શ્રી હિતેષભાઈ વ્યાસ પણ સાથે રહ્યા હતા.

ઉપરોકત ઉત્તમ સિધ્ધિઓ બદલ શાળાના માનદ મંત્રીશ્રી ડો. અશ્વિનભાઈ પંડયા, શ્રી અમિતભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહ અને ટ્રસ્ટીશ્રીઓ સાથે પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ફાલ્ગુનીબહેન ખાટસુરિયા તથા માધ્યમિક વિભાગના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સમગ્ર ટીમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)

માર્ચ-૨૦૨૫ અહિં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૮૪ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૯૪ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૫, ઓર્થોશુઝ-૧, ની-બ્રેસ-૧૨, હેન્ડ સ્પીલન્ટ-૪, સ્પાઈનલ ઓર્થોસિસ-૨, અન્ય-૫૦, કેલિપર-૩, એ.એફ.ઓ.-૯, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૮ સાધનો આપવામાં આવ્યાં હતાં.

માર્ચ-૨૦૨૫ માસમાં કૃત્રિમ હાથ-પગનો ૧ કેમ્પ લોકલ લેવલે વર્કશોપમાં યોજાયેલ. આ કેમ્પ સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાના પ્રયત્નથી, શ્રીમતી કીર્તિદેવી સજ્જનસિંહ ગોહિલ અને અલંગ ઓટો એન્ડ જનરલ એન્જી. કંપની દ્વારા અપાયેલ અનુદાનથી યોજાયેલ. કેમ્પમાં કુલ ૮ લાભાર્થીઓને ૧૧ જુદા-જુદા સાધનો જેવા કે આખા પગ-૧, અડધા પગ-૩, અડધો હાથ-૧, કેલીપર્સ-૨ તેમજ અન્ય ૪ સાધનો બનાવીને ફીટ કરી આપેલ. આ કેમ્પમાં કુલ ૮ દર્દીઓમાંથી ૬ દર્દીઓ સુરેન્દ્રનગર બાજુમાં આવેલ એક અનાથઆશ્રમમાંથી આવેલ. તેઓએ આ સાધનો મળવાથી ખૂબજ ખુશી વ્યકત કરેલ અને જણાવ્યું હતું કે હવેથી અમે આત્મનિર્ભર બન્યા છીએ.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**નેશનલ સી.આર.ઈ. પ્રોગ્રામ :**





તા. ૨૬ થી ૨૮ માર્ચ દરમ્યાન પી.એન.આર. સોસાયટી દ્વારા રાષ્ટ્રિય સ્તરની વિશિષ્ટ બાળકોને તાલીમ આપનાર રિહેબિલિટેશન પ્રોફેશનલ્સના જ્ઞાનવર્ધન માટે; રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હીની માન્યતાથી તાલીમ કાર્યક્રમનું નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમ **(CRE)** માં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન તથા દીવથી ૧૯૦ પાર્ટિસીપન્ટસએ ભાગ લીધો હતો. ૩ દિવસ ચાલેલા આ કાર્યક્રમનો મુખ્ય વિષય "એડવાન્સિંગ સસ્ટેઈનેબલ પ્રેક્ટિસીસ ઈન ક્રોસ ડિસેબિલિટી એજ્યુકેશન" કે જેમાં કલકત્તા, મુંબઈ, મૈસુર, અમદાવાદ તથા સંસ્થાના કાર્યરત તજજ્ઞ ભાઈઓ-બહેનોએ, વર્ગખંડમાં વિવિધ દિવ્યાંગતા ધરાવતા બાળકોના શિક્ષણમાં આધુનિક સમયમાં થયેલા નવીન પ્રવાહો અને ટેકનોલોજીના ઉપયોગો, શિક્ષણની વિવિધ પ્રયુક્તિઓ, વિવિધ એક્ટ અને તેના અમલીકરણ વિષે; પોતાના સંશોધન પત્રો, **PPT** તથા ડેમોસ્ટ્રેશન, વિડીયો વગેરેના માધ્યમથી રજૂ કર્યાં હતાં.

પી.એન.આર. સોસાયટી આયોજિત કાર્યક્રમ અત્યાર સુધીની સૌથી વધુ પાર્ટિસીપન્ટસ સાથેની લાઈવ ઈવેન્ટ હતી. જેમાં શ્રી જિજ્ઞાબેન સોલંકી (આચાર્ય, સી.પી. સ્કૂલ) અને **DSE M.D.** કોર્સના તાલીમાર્થીઓએ માઈક્રોપ્લાનિંગથી કાર્ય કરી સફળતા મેળવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ફાઉન્ડરશ્રી બાબાભાઈ, શ્રી લાભુભાઈ સોનાણી, શ્રી અશ્વિનભાઈ પંડ્યા, શ્રી ધીરુભાઈ ધંધુકિયા, શ્રી હર્ષદભાઈ રાખાશિયા, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ તથા સર્વે ટ્રસ્ટીગણની ઉપસ્થિતિથી આ કાર્યક્રમ વધુ પ્રેરણાદાયી બન્યો હતો.

**વિશ્વ ઓટિઝમ અવેરનેસ ડે :**

તા. ૦૨ એપ્રિલના રોજ પી.એન.આર. સોસાયટી દ્વારા **વિશ્વ ઓટિઝમ અવેરનેસ ડે**નું આયોજન કરવામાં આવ્યું હતું. ઓટિઝમ એટલે સ્વલીનતા, સ્વલીનતા શબ્દજ તેની વ્યાખ્યા કરે છે. ઓટિઝમ એક વિકાસાત્મક દિવ્યાંગતા છે. એક એવી ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જેમાં અસરગ્રસ્ત બાળક બાળપણથી જ બીજાની જેમ પોતાના સભ્યો અથવા આસપાસના વાતાવરણ સાથે જોડાય શકતા નથી. સંયુકત રાષ્ટ્ર મહાસભાએ ૨જી એપ્રિલને વર્લ્ડ ઓટિઝમ ડે તરીકે જાહેર કર્યો છે.

આ કાર્યક્રમની શરૂઆત શ્લોક ગાનથી કરવામાં આવી હતી. આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું. ઓટિઝમ બાળકોમાં વિશેષ કારગત થેરાપી **ABA** છે. સંસ્થાના ઓક્યુપેશનલ થેરાપીસ્ટ ડો. પ્રવિણભાઈ દેશમુખ દ્વારા **PPT** અને લાઈવ ડેમોસ્ટ્રેશન દ્વારા વાલીઓને સરળ અને સચોટ માર્ગદર્શન પૂરું પાડયું હતું. ઓટિઝમ બાળકોમાં અન્ય વિશેષ કારગત થેરાપી છે પ્લે થેરાપી. તેના અનુસંધાને બાળકો, વાલીઓ માટે "ચેર ટુ ચેર" અને "ટ્રાન્સફરિંગ બોલ, ,પાસિંગ ધ બોલની રમતનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાથે ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા અવેરનેસ ડ્રામા રજૂ કરવામાં આવ્યો હતો, ત્યાર બાદ વાલી મકવાણા જાગૃતીબેન, ડેમલા જયોતીબેને પોતાના પ્રતિભાવો આપ્યાં હતાં. ડી.એસ.ઈ. (એમ.ડી.)ના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા ઓટિઝમ વિશે **PPT** ના માધ્યમથી માહિતી પૂરી પાડી હતી.




# કે. એન. શાહ
# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

**વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી' :**



સ્કૂલમાં તા. ૧૭ માર્ચના રોજ **'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી'** કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં FSSAI ના FSO શ્રી ડી. જે. સોલંકી સર, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ચેરમેન તેમજ ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રી શ્રી મયંકભાઈ ગોસાઈ અને જતિનભાઈ પંડયા, ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના સભ્યશ્રી મીનાબેન ચોકસી, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા, સમગ્ર સ્ટાફ તેમજ ધો. ૧ થી ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત અને ધો. ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ દ્વારા બે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબે ગ્રાહક પંચાયત શું છે ?, શું કરે છે ? અને વ્યકિત જન્મથી મૃત્યુ સુધી ગ્રાહક છે, એ બાબતથી બાળકોને અવગત કરેલ. ગ્રાહક જાગૃતિ વિશે પણ ટૂંકમાં સમજાવ્યું હતું. FSSAI ના FSO શ્રી ડી. જે. સોલંકીએ ફૂડ અંગે માહિતી આપી. જેમ કે આપણે કેવી વસ્તુઓ ખાવી જોઈએ, તેમજ કઈ વસ્તુનો ઉપયોગ ટાળવો જોઈએ. જેમાં ખાસ કરીને વર્તમાન સમયમાં વધતા જતા ફાસ્ટ ફૂડ અને બહાર લારીમાં મળતો નાસ્તો શરીરને કેટલું નુકશાન કરે છે ? તેનાથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં. ત્યારબાદ ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રીશ્રી મયંકભાઈ ગોસાઈએ 'ટકાઉ જીવનશૈલી તરફ એક ન્યાયિક સંક્રમણ' ની થીમ પર સમજ આપી હતી. આ ઉપરાંત ગ્રાહક સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત લેવાયેલ નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને સ્લોગન સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી, પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

**'વિશ્વ ચકલી દિવસની ઉજવણી' :**



સ્કૂલમાં ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે ૨૦ માર્ચના રોજ શાળામાં ચાલતી ફલેમિંગો ઈકો કલબ પ્રવૃત્તિના ભાગરૂપે, **'વિશ્વ ચકલી દિવસની ઉજવણી'** કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધો. ૪ થી ૮ ના વિદ્યાર્થીઓએ વેસ્ટમાંથી બેસ્ટ ચકલીના માળા બનાવ્યાં હતાં. આ ઉપરાંત બાલમંદિરના નાના ભૂલકાંઓએ પણ સુંદર મજાના ચકલીના ચિત્રો દોર્યા હતાં. ભારત અને સમગ્ર વિશ્વમાં ચકલી પક્ષીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહયો છે. વિશ્વ ચકલી દિવસની ઉજવણીનો હેતુ લોકોને ચકલીના સંરક્ષણ અંગે જાગૃત કરવાનો છે. ચકલી એ પૃથ્વી પરની સૌથી સામાન્ય અને સૌથી જૂની પક્ષી પ્રજાતિઓમાંની એક છે. ચકલીની લુપ્ત થતી પ્રજાતિઓ અને ઘટતી જતી વસ્તી ચિંતાનો વિષય છે. આવી પરિસ્થિતિમાં આ દિવસની ઉજવણી કરવાનું વિચારવું એ ખરેખર ચકલી અને અદ્રશ્ય થઈ રહેલા પક્ષીઓના સંરક્ષણ માટે એક પ્રશંસનીય પગલું છે. શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા, પ્રિયાંશીબેન તથા કૃપાબેન દ્વારા દરેક વિદ્યાર્થીઓને વિશ્વ ચકલી દિવસનું મહત્વ સમજાવ્યું હતું.



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**એપ્રિલ `૨૫ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | | ચામડી | ૨૮ | - |
| ઓર્થોપેડિક | ૧૮૮ | ૦૫ - ૦૩ | આંખના પડદા | ૩૧ | - |
| આંખ | ૧૪૬૩ | - - ૪૧૮ | M. D. ફિઝીશ્યન વિભાગ | ૨૦ | - |
| આંખની છારી | ૫૬ | - - - | | | |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૩૯ | ૧૬૫ - ૦૪ | **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| | | | પ્લાસ્ટિક સર્જરી | ૧૯ | ૦૪ |
| ઓર્થોસ્કોપી | ૩૦ | - - - | હેર ઈમ્પ્લાન્ટ | ૧૭ | ૦૯ |
| ઓર્થોડેન્ટલ | ૧૭૯ | ૧૯૦ - - | પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૦૧ |
| જનરલ ઓપીડી | ૫૭૦ | - - - | | | |
| એક્ષ-રે | ૬૫ | - | | | |
| લેબોરેટરી | ૩૯૬ | ૧૪૬૫ (ટેસ્ટ) | | | |

*એપ્રિલ-૨૫ દરમિયાન કુલ* **૪૩૦૯** *દર્દીઓએ લાભ લીધો હતો.*

◈ *સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ* **૯૭** *લાભાર્થીઓએ* **રૂા. ૧૪,૪૭૫/-** *ની સહાય મેળવેલ છે.*

◈ *મહાવીર મેડિકલ સહાય નીચે કુલ* **૧૧** *લાભાર્થીઓએ* **રૂા. ૧૩૩૦/-** *ની સહાય મેળવેલ છે.*



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



✍ જીજ્ઞેશ પારેખ

**૧. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**

તા. ૧ થી ૮ એપ્રિલ `૨૫ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે, પ્લાસ્ટિક સર્જરી કેમ્પ નું આયોજન, દાતાશ્રી એલ. કે. પી. ફાયનાન્સ લિ. - મુંબઈ ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૩૭ બાળકોની તપાસ ડો. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૧ કપાયેલાં હોઠ, ૩ તાળવામાં કાણું એમ કુલ ૦૪ ઓપરેશન મુંબઈના ડો. નરેશ વાધવાએ કર્યા હતાં. આ કેમ્પ, ડો. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડો. નિરવ ધોળકિયા અને ડો. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**૨. યુપા ફ્રેશ પ્રા. લિ., મુંબઈ**

ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ : સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૪`-૨૫ માં ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

માર્ચ `૨૫ દરમિયાન ઉમરાળા, મહુવા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની રિફેક્ટિવ એરરવાળા ૧૦૬૭ બાળકો જોવા મળ્યાં હતાં અને કાનની વિવિધ તકલીફવાળા ૭૭૧ બાળકો જોવા મળ્યાં હતાં. ડો. અશોકભાઈ બારૈયા, ENT સર્જને તપાસી, પ્રિસ્ક્રાઈબ કર્યા તે મુજબ દવા આપવામાં આવી હતી. ડો. અશોકભાઈ બારૈયા (**ENT MksoLk**) દ્વારા **Tympanoplasty yLku Mastoidectomy With Tympanoplasty** ની ૦૮ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી હતી.





# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

✍ ગજાનંદ ભટ્ટ

**શાળા મુલાકાત :**

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળામાં, સમાજ સુરક્ષા અધિકારી શ્રી સુરેશભાઈ ચૌધરી અને ચીફ ઓફિસર શ્રી ભગીરથસિંહ ચુડાસમા શાળા મુલાકાતે આવ્યાં હતાં. તેઓએ શાળાના જુદા-જુદા વિભાગોની મુલાકાત લીધી હતી. અને સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.

**હોટલ ઝાર્નિપ્સની મુલાકાત :**

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં ધો. ૮ માં ભણતા ૨૮ બાળકો અને ૩ શિક્ષકોએ હોટલ ઝાર્નિપ્સની દર વર્ષની માફક આ વર્ષે પણ મુલાકાત કરી હતી. દાતા શ્રી ડો. બચાણી સાહેબ અને તેમના ધર્મપત્નિએ બાળકોને આમંત્રણ આપ્યું હતું. ત્યાં બાળકોએ ખૂબ જ મજા કરી. દાતા પરિવાર તરફથી દરેક બાળકને કંપાસ બોક્ષ, લંચ બોક્ષ, પાણીની બોટલ અને નાસ્તા માટે કીટ આપવામાં આવી હતી. દાતા પરિવારને સંસ્થા દ્વારા બાળકોએ બનાવેલ આઈટમથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

**કીટ વિતરણ :**

ભાવનગરની જાણીતી કંપની માઈક્રોસાઈનના સ્થાપક શ્રી નિશીથભાઈ મહેતા અને તેમના પુત્રવધુ શ્રી ભાગ્યશ્રીબેન દ્વારા, સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકો, તેમજ કર્મચારીઓને પ્રોત્સાહિત કરીને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થા દ્વારા આવા બાળકોને આગળ લાવવાના પ્રયત્નોને તેઓએ બીરદાવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, તેમજ ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓએ શ્રી નિશીથભાઈ અને શ્રી ભાગ્યશ્રીબેનનો આભાર વ્યકત કર્યો હતો.

**શ્રી કુસુમબેનની શાળા મુલાકાત :**

શાળાના ભૂતપૂર્વ આચાર્ય શ્રી કુસુમબેન મહેતા, જેઓ હાલ કેનેડા નિવાસી છે. તેઓશ્રી આપણી શાળાની મુલાકાતે આવેલ. તે દરમિયાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, તાલીમાર્થી માતાઓ તથા સર્વ શિક્ષકગણ સાથે ત્રિ-દિવસીય ચર્ચા વિચારણા કરેલ. તેઓશ્રીના શાળા પ્રત્યેના યોગદાનને યાદ કરી, સૌ ખૂબ ખુશ થયા અને ઘણું-ઘણું માર્ગદર્શન મેળવ્યું.

**"વિશાલવીન ફાઉન્ડેશન" :**

અમદાવાદ સ્થિત "વિશાલવીન ફાઉન્ડેશન" કે જે સામાન્ય રીતે સમાજમાં વ્યાપ્ત માનસિક દિવ્યાંગતાના ક્ષેત્રમાં કાર્યરત છે. જે છેલ્લા પાંચ વર્ષથી ગુજરાતના વિવિધ શહેરોમાં, દર વર્ષે દિવ્યાંગ વ્યકિત માટે કામ કરતી સંસ્થાઓ, એવી વ્યકિતઓ કે જેમણે પોતાના ક્ષેત્રમાં સમાજ માટે પથદર્શક બની, સમાજને યોગ્ય દિશામાં દોરવાનું કાર્ય કર્યું હોય. તેમનું "ગાર્ડિયન અંજલી એવોર્ડ" આપી સન્માન કરવાનું ભગીરથ કાર્ય કરે છે.

આ વર્ષે વિશાલવીન ફાઉન્ડેશન દ્વારા પાંચમાં ગાર્ડિયન અંજલી એવોર્ડ નું આયોજન ૨જી માર્ચના રોજ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ, વિશાલવીન ફાઉન્ડેશનના સ્થાપક મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પૂનમજી કૌશિક દ્વારા યોજાય છે. આ એવોર્ડ ગુજરાતના જિલ્લાઓમાંથી પસંદગી થયેલા વ્યકિતઓને સન્માનિત કરવામાં આવે છે.

આપણી શાળાના મદદનિશ શિક્ષક શ્રી ફાલ્ગુનીબેન જયસુખભાઈ મકવાણાની (વિશિષ્ટ બાળકો) શ્રવણમંદ બાળકો સાથે કામગીરી કરવા બદલ પસંદગી કરવામાં આવી. અને તેમને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ગુજરાતમાંથી ૮ વિશિષ્ટ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતના ૮૦ દિવ્યાંગ વ્યકિતઓ, સંસ્થાઓ, મનોચિકિત્સકો, થેરાપીસ્ટો વગેરેને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.



# મુંબઈમાં PNRના દાતાશ્રીઓનો ઋણ સ્વિકાર સમારોહ

✍ કિરીટ રાઠોડ

દિવ્યાંગો માટે શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનર્વસન સહિતના અનેકવિધ કાર્યો કરતી PNR સોસાયટી દ્વારા તા. ૨૭ એપ્રિલ, ՚૨૫ ના રોજ, ઈમારા બેંકવેટ, રેસકોર્સ, મુંબઈ ખાતે, 'દાતાશ્રીઓનો ઋણ સ્વિકાર' માટે ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

PNR સંસ્થાની ૧૯૮૭ માં શરૂઆતથી આજ સુધીમાં જે-જે દાતાશ્રીઓએ દિવ્યાંગો માટે અદ્યતન બિલ્ડીંગો અને વિવિધ પ્રોજેકટો માટે ઉદાર સખાવતો કરી, સમગ્ર ભારતમાં PNR ને નમૂનેદાર સંસ્થા બનાવવામાં આર્થિક સહયોગ આપ્યો છે, તેમના ઋણ સ્વિકાર માટે આ સમારોહનું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમની શરૂઆતમાં PNR ની પ્રવૃત્તિઓ દર્શાવતી 'હમ હૈ ઉમ્મીદ' વિડીયો ફિલ્મ દર્શાવાય. ત્યારબાદ મંચ પર જે મહાનુભાવો બિરાજમાન થયા, તેમાં સંસ્થાના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા,મોટિવેશનલ સ્પીકર શ્રી ભાગ્યેશભાઈ ઝા, પૂ. નિજાનંદ સરસ્વતી સ્વામીજી, મુંબઈના પૂર્વ શેરીફ શ્રી મોહનભાઈ પટેલ અને સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ હતાં.

પૂષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિ ચિન્હથી મહાનુભાવોના સ્વાગત બાદ, શ્રી બાબાભાઈએ કાર્યક્રમનો હેતુ, 'દાતાશ્રીઓના ઋણ સ્વિકાર' ની વિગતે વાત કરી હતી.

શ્રી પ્રકાશભાઈ દેસાઈએ મેમેન્ટોના લખાણનું વાંચન કર્યા બાદ, શ્રી પારસભાઈ શાહે ઉપસ્થિત ૩૨ દાતાશ્રીઓનો સંક્ષિપ્ત પરિચય આપી, પૂ. નિજાનંદ સરસ્વતી સ્વામીજી અને શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ હસ્તે મેમેન્ટો અર્પણ કરી, સન્માનિત કરાવ્યાં હતાં, ત્યારે ઉપસ્થિત તમામ લોકોએ તાળીઓના ગડગડાટથી અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી સ્વામીજીએ આશીર્વચન અને પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું, તેમજ ગુજરાત સરકારના પૂર્વ વરિષ્ઠ અધિકારી અને ગુજરાતી સાહિત્યના મર્મજ્ઞ શ્રી ભાગ્યેશભાઈ ઝાએ, પોતાના વિધ્વતાપૂર્ણ વકતવ્યથી લોકોને ખૂબ પ્રભાવિત કર્યા હતાં. દાતાશ્રીઓના અહીં થયેલા સન્માનનો પ્રતિસાદ, મુરબ્બી શ્રી મોહનભાઈ પટેલ અને શ્રી પુલોમાબેન દલાલે, હૃદયસ્પર્શી સંવેદનાથી વ્યકત કર્યો હતો.

કાર્યક્રમના સફળ ઉદ્ઘોષક તરીકે ડો. કવિતાબહેન શાહ તથા આભારવિધિ શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી. છેલ્લે સન્માનપૂર્વક રાષ્ટ્રગીત ગાઈને આ સમારોહ પૂર્ણ થયો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી પ્રકાશભાઈ દેસાઈ, શ્રી પારસભાઈ શાહ અને કાર્યકર્તાઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# ૯૮ દિવ્યાંગ પરિવારોને અન્નદાન કીટ વિતરણ



શ્રી ગોકુલભાઈ શાહ, અન્નદાન યોજના અંતર્ગત પ્રમુખદાતા શ્રી ડી. કે. અજમેરા-ફાઉન્ડેશન ટ્રસ્ટ અને પરિવાર તેમજ **PNR** સોસાયટી અને સહયોગી દાતાઓ તરફથી અનાજ કરીયાણાની કીટ વિતરણનો પાંચમો રાઉન્ડ તા. ૨-૪ ના વર્લ્ડ ઓટિઝમ દિવસના રોજ યોજવામાં આવ્યો હતો.

આ યોજનાના લાભાર્થીઓ સેરેબ્રલ પાલ્સિ, ઓટિઝમ અને બહુવિધ વિકલાંગ બાળકોને ઉનાળામાં ઉપયોગી થાય તેવા અનાજ-કરીયાણા, મસાલા, તેલ વિગેરે કીટનું વિતરણ કરવામાં આવેલ. જેમાં ભાવનગર-૫૭, મહુવા-૧૨, શિહોર-૫, તળાજા-૧૧, પાલિતાણા-૧૩ કીટ, આમ મળીને કુલ ૯૮ કીટ લાભાર્થીને ઘરે-ઘરે પહોંચતી કરવામાં આવેલ હતી.

# દાતાશ્રીઓનો ઋણ સ્વીકાર સમારોહ-૨૦૨૫

**સ્થળ : ઈમારા બેંકવેટ, મુંબઈ  તા. ૨૭-૪-૨૫**



મંચસ્થ મહાનુભાવો...



પૂ. સ્વામીજીનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરતા
પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા



પૂ. સ્વામીજીને શાલ અર્પણ કરતા
ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ



પૂ. સ્વામીજીને મેમેન્ટો અર્પણ કરતા
ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ જકડિયા



શ્રી ભાગ્યેશભાઈ ઝાનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરતા
સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ




શ્રી ભાગ્યેશભાઈ ઝાને શાલ અર્પણ કરતા
વાઈસ ચેરમેન શ્રી ભરતભાઈ પારેખ



શ્રી ભાગ્યેશભાઈ ઝાને મેમેન્ટો અર્પણ કરતા
ઉપપ્રમુખ શ્રી કીર્તિભાઈ સંઘવી



શ્રી મોહનભાઈ પટેલનું પૂષ્પગુચ્છથી સ્વાગત કરતા
KKBS ના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણી

# અવિરત દાન આપતા દાતાશ્રીઓનું પ.પૂ. સ્વામીશ્રી નિજાનંદ સરસ્વતીજી તથા શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ્ હસ્તે સન્માન



**શ્રી મોહનભાઈ પટેલ**

*મુંબઈના પૂર્વ શેરીફ, સફળ ઉદ્યોગપતિ, પુસ્તક પ્રેમી અને સાહિત્ય-સંગીતમાં ઊંડો રસ ધરાવે છે. ખેતી તેમનો શોખનો વિષય છે, તેઓ PNR તથા બહેરાં-મૂંગા શાળાના હોસ્ટેલના દાતા છે.*



**શ્રી કમલેશભાઈ સંઘવી**

*એક્રી ઓર્ગેનિક્સ પ્રાઈવેટ લિમીટેડના મેનેજિંગ ટ્રસ્ટી છે. એક સફળ ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ. સંસ્થામાં નેચર અને ગ્રીન એનર્જી માટે પોતાનું રેગ્યુલર યોગદાન આપનાર. તેમને સંસ્થાના શુભ ચિંતક* **શ્રી મધુભાઈ પારેખ** *લઈ આવેલા.*



**શ્રી ધનવંતભાઈ કે. અજમેરા**

*ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઈના સ્થાપક ટ્રસ્ટી છે. તેઓ PNR અને સંલગ્નિત સંસ્થાઓમાં પોલિયો, કેટરેક્ટ સર્જરી, ENT સર્જરી, અન્નદાન, સિલાઈ કામ, હુન્નર ઉદ્યોગ વગેરે માટે વર્ષોથી અનુદાન આપતા રહ્યાં છે. તેમના વતી* **શ્રી મેહુલભાઈ અજમેરા**એ *સન્માન સ્વિકાર્યું.*



**શ્રી રમેશભાઈ યુ. અજમેરા**

*સફળ ઉદ્યોગપતિ, એક્સલન્ટ એન્જિનિયરિંગ કોર્પોરેશનના ઓનર. ઘણાં સંવેદનશીલ છે અને જરૂરતમંદ લોકોને સહાય કરવા હંમેશા તત્પર રહે છે. છેલ્લાં ૧૦ વર્ષથી સંસ્થાના જુદા-જુદા પ્રોજેક્ટમાં આર્થિક યોગદાન કરતા આવ્યાં છે.*



**શ્રી મહેન્દ્રભાઈ વી. દોશી**

*LKP ફાઈનાન્સ લિમિટેડના એજ્યુક્યુટિવ ચેરમેન એન્ડ મેનેજીંગ ડાયરેક્ટર. તેમની LKP ફાઈનાન્સ, મુંબઈની અગ્રણી ફાઈનાન્સ બ્રોકર કંપની છે. તેઓ ઘણા વર્ષથી સંસ્થાને આર્થિક યોગદાન આપી રહ્યાં છે. તેમના વતી* **શ્રી કીર્તિભાઈ સંઘવી**એ *સન્માન સ્વિકાર્યું.*



**શ્રી મહેન્દ્રભાઈ શેઠ (ગલિયાકોટવાળા)**

*તેઓ ગલિયાકોટ એન્જિનિયર કું. પ્રાઈવેટ લિમિટેડના મેનેજીંગ ડાયરેક્ટર, સંગીતનું ઉંડું જ્ઞાન અને શોખ ધરાવનાર, દિવ્યાંગોની મદદ કરવાના હિમાયતી, PNR, અંધશાળા, અંકુર વગેરે સંસ્થાના તેઓ ઉદારદિલ દાતા છે.*

# અવિરત દાન આપતા દાતાશ્રીઓનું પ.પૂ. સ્વામીશ્રી નિજાનંદ સરસ્વતીજી તથા શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ હસ્તે સન્માન



**શ્રી રસિકલાલ મનસુખલાલ દોશી**

જેમ્સ વોકર ઈન્માર્કો ઈન્ડસ્ટ્રિઝ પ્રાઈવેટ લિમીટેડના ડિરેકટર અને સફળ ઉદ્યોગપતિ. તેઓની કંપનીનું ઈન્ટરનેશનલ કંપની સાથે જોડાણ છે. તેઓ ૯૦ વર્ષની ઉંમરે પણ એક્ટિવ. PNRની દિવ્યાંગોની પ્રવૃત્તિને સહાય કરવા હંમેશા ઉદારતા દાખવનાર. તેમના વતી **શ્રી ક્રિષ્નકાંતભાઈ ચિત્તલિયા**એ સન્માન સ્વિકાર્યું.



**રોટરી ક્લબ બોમ્બે નોર્થ**

રોટરી ક્લબના ગ્લોબલ ફંડ દ્વારા, PNRના ચાર અર્બન અને રૂરલ સેન્ટર આજે ધમ-ધમે છે. જેમાં અર્લિ ઈન્ટરવેન્શનની મહત્વની કામગીરી થઈ રહી છે. આ રોટેરિયનોની સહાયથી હવે PNR હોસ્પિટલમાં સૌ પ્રથમ **રેટિના પ્રોજેક્ટ** તૈયાર થઈ રહ્યો છે, જે તુરંતમાં કાર્યરત થશે. **શ્રી હેમેન્દ્રભાઈ શાહ** અને **શ્રી હર્ષદભાઈ શેઠ** અને **શ્રી ધરમભાઈ પોપટે** સન્માન સ્વીકાર્યુ.



**શ્રી અંબરીશભાઈ પી. કારવત**

યુપ્પા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન છે. તેઓ છેલ્લાં ૪૦ વર્ષથી એગ્રીકલ્ચર બિઝનેસનો અનુભવ ધરાવે છે. ખાસ કરીને ફ્રુટ્સ, વેજીટેબલ્સ, ફલાવર્સના ઉત્પાદન, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ માટે તેઓની કંપની ભારતમાં લોકપ્રિય છે. તેઓ અને તેમના પત્નિ શ્રીમતી યુજીતાબહેન દિવ્યાંગો પ્રત્યે અતિ સંવેદનશીલ છે. ગ્રીન એનર્જી, પ્રિવેન્શન જેવા પ્રોજેકટમાં યોગદાન આપીને સપોર્ટ કરે છે.



**શ્રી મુકેશભાઈ ઓઝા તથા શ્રીમતી હિનાબહેન ઓઝા**

સમ્સારા ગ્રુપના પ્રેસિડન્ટ અને CEO છે. તેમની ભારતભરમાં ૮૦થી વધુ ઓફિસ કાર્યરત છે. આ ગ્રુપ દેશ અને દુનિયામાં શિપિંગ અને લોજિસ્ટિકની સેવા છેલ્લાં ચાર દાયકાઓથી આપી રહી છે. તેઓ આપણી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ટ્રસ્ટના પ્રમુખ પણ છે. તેઓ તથા તેમના પત્નિ શ્રીમતી હિનાબહેન ઓઝા, PNR અને સંલગ્નિત સંસ્થાઓમાં ઉદાર હાથે દાનનો પ્રવાહ વહેવડાવે છે.



**શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ**

આઈસલેન્ડમાં રહે છે. હાલ નાદુરસ્ત તબિયતને કારણે હવે લોનાવાલામાં છે. તેઓએ પોતાના માતા-પિતા તથા પત્નીની સ્મૃતિમાં PNR અને સંલગ્નિત સંસ્થાઓમાં વર્ષો-વર્ષ માતબર ડોનેશન આપ્યું છે. તેમના વતી સન્માન **શ્રી રાજેશભાઈ હકાણી**એ સ્વીકાર્યુ.



**શ્રી મહેશભાઈ ગાંધી**

સંસ્થાના મેમ્બર છે. સાથો-સાથ PNR અને સંલગ્નિત સંસ્થામાં તેઓ તેમના ટ્રસ્ટ દ્વારા માતબર દાનની સરવણી વહેવડાવતા આવ્યાં છે. તેઓ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક કાર્યમાં યોગદાન માટે ખૂબ જાણીતા છે.

# અવિરત દાન આપતા દાતાશ્રીઓનું પ.પૂ. સ્વામીશ્રી નિજાનંદ સરસ્વતીજી તથા શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ હસ્તે સન્માન



**શ્રીમતી પુલોમાબહેન તથા શ્રી દુષ્યંતભાઈ દલાલ**

*મુંબઈના જાણીતા અને માનીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ. તેઓ બંને ખૂબ જ સંવેદનશીલ અને મિલનસાર સ્વભાવ ધરાવે છે. સંસ્થાના હિંતચિંતક, સમર્થક તથા માર્ગદર્શક. તેમના કાકાશ્રીની સ્મૃતિમાં, 'શ્રીમતી માલતીબેન અને શ્રી શ્યામલાલ ઠાકોરલાલ દલાલ હેન્ડિકેપ્ડ વેલફેર કોર્પસ ફંડ' PNRમાં શરૂ કરાવ્યું છે. દર વર્ષે ૬૦૦ થી વધુ દિવ્યાંગ લાભાર્થીઓને તેમાંથી સાધન સહાય ચૂકવાય છે.*



**નિશ્ચલ ઈસરાણી ફાઉન્ડેશન, મુંબઈ**

*નિશ્ચલ ઈસરાણી ફાઉન્ડેશન, મુંબઈને PNR માં જોડાવા માટે શ્રી મહિન્દરભાઈ પુનવાણી પ્રેરક બન્યા છે. આ ફાઉન્ડેશને સંસ્થાને એજ્યુકેશન અને હેલ્થના પ્રોજેકટમાં ઉમદા સહયોગ કર્યો છે. નિશ્ચલ ઈસરાણી ફાઉન્ડેશન વતી શ્રી મહિન્દરભાઈ પુનવાણીજીએ સન્માન સ્વીકાર્યું.*



**શ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી**

*જવેલરી બિઝનેસ સાથે જોડાયેલાં છે. સંસ્થામાં શ્રી ભરતભાઈ પારેખ (વાઈસ ચેરમેન) દ્વારા તેમનું ડોનેશન અવિરતપણે આવે છે.* **શ્રી ભરતભાઈ** *પણ સન્માનમાં જોડાયા.*



**શ્રી મનહરભાઈ ગાંધી**

*ગાંધી સ્પેશ્યલ ટયુબ્સ લિ. ના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર છે. તેઓ સ્ટીલ ટયુબસ, વેલટેડ ટયુબ્સ, ફયુઅલ ઈન્જેકશન ટયુબના મેન્યૂફેકચરર છે. સંસ્થાના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહની પ્રેરણાથી તેઓ સંસ્થા સાથે જોડાયા છે. દિવ્યાંગ બાળકોની પ્રવૃત્તિ તેમને ગમે છે. ઓટિઝમ પ્રોજેકટમાં તેઓનું મહત્વનુ યોગદાન છે.*



**સ્ટેકબેક જવેલરી પ્રાઈવેટ લિમીટેડ**

*શ્રી માઈકલ લેન્ધહામર, શ્રી પારિશભાઈ મહેતા, જેઓ ઘણી સંસ્થાઓને મદદ કરે છે. શ્રી સુનિલભાઈ મહેતા, જેઓ જયવંતીબેનના પુત્ર છે. તેમને શ્રી પારિશભાઈને સંસ્થા સાથે જોડાવાની પ્રેરણા આપી. છેલ્લાં પાંચ વર્ષથી CSR અંતર્ગત સંસ્થાના જુદા-જુદા પ્રોજેકટમાં તેમનો સહયોગ મળ્યો છે. શ્રી સુનિલભાઈ મહેતાના સિસ્ટર શ્રી માધવીબેન પણ સન્માનમાં જોડાયા.*



**શ્રી હેમેન્દ્રભાઈ કોઠારી**

*DSP ફાઈનાન્સ પ્રાઈવેટ લિમીટેડના ડાયરેકટર છે. તેમની DSP ફાઈનાન્સ એક લિડીંગ ફાઈનાન્સ બ્રોકિંગ કંપની છે. તેઓ સફળ ઉદ્યોગપતિ અને ઉદારદિલ દાતા છે. હેમેન્દ્ર કોઠારી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વિવિધ NGO તથા PNR ને તેમનું યોગદાન કરે છે. તેમના વતી સન્માન* **શ્રી કપીલ ઠાકરે** *સ્વીકાર્યું.*

# અવિરત દાન આપતા દાતાશ્રીઓનું પ.પૂ. સ્વામીશ્રી નિજાનંદ સરસ્વતીજી તથા શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ હસ્તે સન્માન



**શ્રી દીપકભાઈ ભીમાણી**

*નવદીપ કેમિકલ્સ પ્રાઈવેટ લિમીટેડના મેનેજિંગ ડાયરેક્ટર છે. પ્રકૃતિ પ્રત્યે અને દિવ્યાંગોના ઉત્કર્ષમાં ઊંડો રસ ધરાવે છે. છેલ્લાં ૨૦ વર્ષથી સોસાયટીના કાર્યને આગળ વધારવા માટે નિરંતર સહયોગ આપતા આવ્યા છે.*



**શ્રી અમિતભાઈ મહેતા**

*ડાઈમાઈન્સ એન્ડ કેમિકલ્સ લિમીટેડના એક્ઝિક્યુટિવ ચેરમેન. એક અત્યંત ઉમદા હૃદયના સાહસિક ઉદ્યોગપતિ. વિશાળ વ્યવસાયિક સામ્રાજ્ય સ્થાપ્યું. બિઝનેસ અર્થે દુનિયાના અનેક દેશોનો પ્રવાસ ખેડયો છે. તેઓ PNR સોસાયટીને નિયમિત રીતે દર વર્ષે સહાય કરે છે. તેમના વતી* **શ્રી પ્રકાશભાઈ દેસાઈ**_એ સન્માન સ્વીકાર્યું._



**શ્રી અશ્વિનભાઈ મહેતા**

*ડાયમંડના વ્યવસાયમાં મોટું નામ. ઉદારદિલ વ્યક્તિત્વ. તેમના પિતા સ્વ. શ્રી મફતલાલભાઈ મહેતા જાણીતા દાનવીર. PNR સોસાયટીની સ્થાપનાથી તેઓ સંસ્થા સાથે જોડાયેલાં. ઈમ્પેક્ટ ફાઉન્ડેશન UK સાથે તેમણે સંસ્થાનું જોડાણ કરાવનાર, સમગ્ર કુટુંબ સ્થાપના કાળથી PNRને સહયોગ આપનાર.*



**શ્રી સતિષભાઈ મહેતા**

*S. K. એન્ટરપ્રાઈઝના ઓનર. આધ્યાત્મિક અને ઉપકારક સ્વભાવ, જાણીતા હીરાના વેપારી. તેમનો પરિચય શ્રી શ્રેણિકભાઈ શાહ દ્વારા થયો. નિયમિતપણે સંસ્થાને સહયોગ આપે છે.*



**શ્રી કનુભાઈ શાહ**

*KBS ડાયમંડ એક વિશાળ ઈન્ટરનેશનલ વ્યવસાયિક કંપની. શ્રી કનુભાઈ તેના સ્થાપક. તેઓ દિવ્યાંગોની સંવેદનાને સમજનાર અને માનવતાવાદી પ્રવૃત્તિઓમાં સહાય કરનાર. સંસ્થામાં તેમને શ્રી શ્રેણિકભાઈ લઈ આવ્યાં.*



**શ્રી ભૂપેન્દ્રભાઈ એચ. શાહ**

*કુંદન ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્ટ્સથી જાણીતા. સંસ્થામાં ડોનેશનની સરવણી વહેવડાવવા માટે તેઓ પોતાના સસરા અને સંસ્થાના ફાઉન્ડર અને પૂર્વ ચેરમેન,* **સ્વ. કાંતિલાલ એન. શાહ**_ને આદર્શ માને છે._

# અવિરત દાન આપતા દાતાશ્રીઓનું પ.પૂ. સ્વામીશ્રી નિજાનંદ સરસ્વતીજી તથા શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ હસ્તે સન્માન



**શ્રી મહેન્દ્રભાઈ જે. પારેખ**

*મહેન્દ્ર જશવંતલાલ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈના ફાઉન્ડર. PNRમાં ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ જકડિયા લઈ આવેલા. સંસ્થાને માતબર ડોનેશન આપેલ છે. તેઓ સફળ ઉદ્યોગપતિ અને હવે ધરમપુરમાં શ્રીમદ્દ રાજચંદ્ર મિશનમાં આધ્યાત્મમાં એક્ટિવ છે. તેમના વતી* **શ્રી મહાસુખભાઈ જકડિયાએ** *સન્માન સ્વિકાર્યું.*



**શ્રી રશેષભાઈ પરીખ**

*સ્વ. હસમુખભાઈ એસ. પરીખના મોટા પુત્ર. PNR હોસ્પિટલ અને સંલગ્નિત સંસ્થાના દરેક દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે 'સ્વાસ્થ્ય સંજીવની કોર્પસ ફંડ'ના તેઓ પ્રમુખ દાતા છે. તેઓ સંસ્થાના ટ્રસ્ટી શ્રી હર્ષદભાઈ શેઠના વેવાઈ થાય છે.*



**શ્રી કિરણભાઈ કાપડિયા**

*ગીગાભાઈ નથુભાઈ ચેરિટી ટ્રસ્ટ, મુંબઈના ફાઉન્ડર. માનવીય અભિગમ ધરાવનાર. સંસ્થામાં છેલ્લાં ઘણાં સમયથી નિયમિત રીતે ડોનેશન મોકલાવે છે.*



**શ્રી ગૌરવભાઈ કાપડિયા**

*સંસ્થાના જુદા-જુદા પ્રોજેક્ટમાં પોતાનું આર્થિક યોગદાન નિયમિતપણે આપનાર ઉદારદિલ દાતાશ્રી.*



**શ્રી ભરતભાઈ એસ. લાખાણી / શ્રી દિલીપભાઈ એસ. લાખાણી / શ્રી કેતનભાઈ લાખાણી**

*લાખાણી ડાયસ્ટફ પ્રાઈવેટ લિમીટેડના ચેરમેન શ્રી ભરતભાઈ લાખાણી, શ્રી દિલીપભાઈ લાખાણી જેઓ કંપનીના ટેકનિકલ હેડ છે. શ્રી કેતનભાઈ લાખાણી ડાયરેક્ટર છે. સંસ્થાના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ દ્વારા શ્રી લાખાણી બ્રધર્સનો સંપર્ક થયો. દિવ્યાંગોની સેવાની પ્રવૃત્તિથી પ્રભાવિત થયા. સંસ્થાના જુદા-જુદા પ્રોજેક્ટમાં પોતાનું યોગદાન આપનાર.*



**શ્રી મધુકરભાઈ પારેખ**

*પિડીલાઈટ ઈન્ડસ્ટ્રિઝ લિમીટેડના એક્ઝિક્યુટિવ ચેરમેન. સફળ ઉદ્યોગપતિ અને મેનેજમેન્ટ માટે જાણીતા. સરળ અને સાદગી ભર્યુ વ્યક્તિત્વ. દિવ્યાંગો પ્રત્યે લાગણી. પાર્કિન્સન્સના દર્દીઓ માટે PNR હોસ્પિટલમાં* B.K. Parekh Parkinson's Disease and Movement Disorder Society *સેન્ટર તથા સંસ્થામાં ફાયર સેફટી પ્રોજેક્ટ, રિસોર્સ સેન્ટર વગેરે પ્રવૃત્તિમાં તેમની કંપની તરફથી યોગદાન પ્રાપ્ત થયું છે.*

## અવિરત દાન આપતા દાતાશ્રીઓનું પ.પૂ. સ્વામીશ્રી નિજાનંદ સરસ્વતીજી તથા શ્રી ભાગ્યેશભાઈ ઝાના વરદ હસ્તે સન્માન



**શ્રી વિજયભાઈ મોદી**

*'રોનક કોર્પોરેશન' નામથી કન્સ્ટ્રકશનનો બિઝનેસ. જાણીતા બિલ્ડર. આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ. હંમેશા સંસ્થાને યોગદાન આપવા તૈયાર.*



**શ્રી વિક્રમભાઈ ગોરડિયા**

*વિરાકો કલરન્ટસ પ્રાઈવેટ લિમીટેડ કંપનીનું સંચાલન કરે છે. મૃદુભાષી, પરોપકારી. જરૂરિયાત મંદોને સહાય કરવા તેઓ હંમેશા તૈયાર. PNR સોસાયટીને તેઓ નિયમિત સહયોગ આપે છે. તેમના વતી **શ્રી પ્રકાશભાઈ દેસાઈ**એ સન્માન સ્વિકાર્યું.*

## સન્માન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો









# સન્માન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોના પ્રેરક ઉદ્‌બોધન



પૂ. સ્વામી શ્રી નિજાનંદ સરસ્વતીજી
પ્રેરણાદાયક પ્રવચન



શ્રી ભાગ્યેશભાઈ ઝા
મોટીવેશનલ સ્પીચ



શ્રી બાબાભાઈ
કાર્યક્રમનો હેતુ



શ્રી પ્રકાશભાઈ દેસાઈ
મેમેન્ટો વાંચન



શ્રી પારસભાઈ શાહ
દાતાશ્રીઓનું સન્માન



શ્રી મોહનભાઈ પટેલ
સન્માનનો પ્રતિસાદ



શ્રીમતી પુલોમાબેન દલાલ
સન્માનનો પ્રતિસાદ



શ્રી કિરીટભાઈ રાઠોડ
આભારવિધિ



કાર્યક્રમનું સંચાલન
ડો. કવિતાબહેન શાહ



ટ્રસ્ટી મંડળ સાથે પૂ. સ્વામીજી અને શ્રી ભાગ્યેશભાઈ ઝા



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



જ્યોતિ ભટ્ટી

**"The Shop of Faith" નું ઉદ્દઘાટન :**

શિક્ષણ એટલે માત્ર પાઠયપુસ્તકનો અભ્યાસક્રમ શીખવવો એટલું સીમિત નથી. શિક્ષણ એટલે 'જ્ઞાન વૃધ્ધિ'. જે જ્ઞાન અમર્યાદિત વ્યાપ ધરાવે છે. વિદ્યાર્થીઓ મન, હૃદયને વિકસીત કરે, શિષ્ટાચાર શીખે, વિશ્વસનીય, પ્રમાણિક બને. આવા જ ઉમદા હેતુથી શાળામાં એક પ્રોજેક્ટ તા. ૬-૩ ના રોજ શરૂ કરવામાં આવ્યો, જેનું નામ આપ્યું છે. **"The Shop of Faith"**

આ એક નાની દુકાન (કબાટ) છે. જે હંમેશા ખુલ્લી રહે છે. જેમાં બાળકોને મનગમતી, ભાવતી વસ્તુઓ મુકવામાં આવી છે અને દરેકની કિંમત લખેલી છે. જેમને જોઈતી હોય તેમણે એ દુકાનમાંથી પોતાને ગમતી, ભાવતી વસ્તુઓ જાતે લેવાની અને તેમાં લખેલ કિંમત મુજબના રૂપિયા બાજુમાં મૂકેલ બોક્ષમાં મુકવાના. તમે શું લીધું ?, રકમ કેટલી ચૂકવી ?, ચૂકવી કે નહીં ? તે કોઈ પૂછશે નહીં, જાતે રૂપિયા ચૂકવવાનો. આનો મુખ્ય ઉદ્દેશ બાળકમાં પ્રામાણિકતાનો ગુણ વિકસે, બાળક વિશ્વસનીય અને સદ્દગુણી બને અને આજની અનિવાર્યતા મુજબ સારો માણસ બને તે માટેનો આ સહજ પ્રયત્ન કરેલ છે.

આ દુકાનમાં મુકેલ વસ્તુઓ, તેની ગણતરી, હિસાબ, નફો-ખોટ ગણવાની જવાબદારી ધો. ૯ ના અમુક વિદ્યાર્થીઓને આપેલ છે. તેઓ રોજનો હિસાબ મેળવશે. ઘટતી વસ્તુઓની યાદી, નવી વસ્તુ મંગાવવી, વગેરે કાર્યોની જવાબદારી પણ તેમની જ રહેશે. જેથી તેઓ નાણાંકીય વ્યવહાર અને તેની ચોકસાઈ વગેરે શીખે.

આ પ્રોજેટનું ઉદ્દઘાટન આપણા કારોબારી સભ્ય શ્રી પરેશભાઈ મહેતા, હેપ્પીનેસ પ્રોગ્રામના કો-ઓર્ડિનેટર શ્રી ધર્મેશભાઈ દવે અને સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ કર્યું હતું.

શ્રી અશ્વિનભાઈના સ્વીટ્ઝરલેન્ડના અનુભવો અને વિચારોના આધારે, તેમની પ્રેરણાથી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. સમગ્ર પ્રોજેક્ટ શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે સંભાળી રહ્યાં છે. સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ આ પ્રોજેક્ટ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**મેકસેસ થિયેટરમાં ફિલ્મની મોજ તેમજ મોલની શૈક્ષણિક મુલાકાત :**




શાળાના ધો. ૧૧ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને તા. ૧૧-૩ ના રોજ મેકસેસ થિયેટરમાં ઐતિહાસિક ફિલ્મ "છાવા" જોવા લઈ ગયા હતાં. વિદ્યાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક આ ફિલ્મ નિહાળી અને ખૂબ જ ખુશ થયા હતાં. મેકસેસ થિયેટરના મેનેજરશ્રીએ આ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સહયોગ આપ્યો હતો. તેમજ ધો. ૧૧-૧૨ ના શિક્ષકોનો આર્થિક સહકાર સાંપડયો હતો.

ત્યારબાદ નાસ્તો કરી સહુએ ઝૂડિયો શોપ, રિલાયન્સ ટ્રેન્ડઝ, રિલાયન્સ ડિજીટલ, તેમજ રિલાયન્સ મોલની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. મોલમાં વસ્તુઓ જાતે લેવાની, જુદી-જુદી વસ્તુઓ ખરીદી બિલ ચૂકવવા જવું. ત્યાં કેશ પેમેન્ટ, કાર્ડ પેમેન્ટ વગેરેનો અનુભવ મેળવ્યો અને આનંદ સાથે નવી ટેકનોલોજી તથા અન્ય નવી જાણકારી મેળવી હતી. નાના ગામડાંમાં રહેતા વિદ્યાર્થીઓને મોલ વિશે કંઈ જ સમજ હોતી નથી, જે અહીં જાતે અનુભવ કર્યો.

શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ દરેક વિદ્યાર્થીઓને આ અનુભવ ભવિષ્યમાં ઉપયોગી બને, તેવી શુભેચ્છા આપી હતી. માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયાએ આ શૈક્ષણિક મુલાકાતને બીરદાવી હતી. સમગ્ર આયોજન તેમજ સંકલન શિક્ષકો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

**‘શ્રવણમંદ વિદ્યાર્થીનીઓએ મેળવી રૂા. ૩,૪૫,૦૦૦ જ્ઞાનપ્રભા શિષ્યવૃતિ :**




શાળાની ધો. ૯ થી ધો. ૧૨માં ૬૦% કે તેથી વધુ માર્કસ સાથે પાસ થયેલ ૨૩ શ્રવણમંદ દીકરીઓને, અરવિંદ મફતલાલ ફાઉન્ડેશન દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ. જ્ઞાનપ્રભા શિષ્યવૃતિ માટે પસંદ કરવામાં આવી હતી.

તા. ૨૬-૩ ના રોજ અમદાવાદમાં આવેલ અંધજન મંડળ, વસ્ત્રાપુરના યજમાનપદે અને તેમના સહયોગથી **જ્ઞાનપ્રભા શિષ્યવૃતિ** માટે વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શાળાના શિષ્યવૃતિનું સંકલન કરનાર શિક્ષક શ્રી હિતેશભાઈ વ્યાસ અને દીકરીઓની સાથે, ઈન્ટરપ્રીટર તરીકે સેવા આપવા શિક્ષક શ્રી જયોતિબેન ભટ્ટી અમદાવાદ ગયા હતા. જયાં શ્રવણમંદ વિદ્યાર્થીનીઓ અભ્યાસમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે અને નોકરી મેળવી, ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકે તે સાથે વિશેષ વકતવ્ય આપવામાં આવેલ, તેમજ દાતાશ્રીઓના વરદ હસ્તે દરેક દીકરીઓને રૂા. ૧૫,૦૦૦/- ના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ કુલ રૂા. ૩,૪૫,૦૦૦/- ની શિષ્યવૃતિ મળી હતી. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શનથી ઉપરોકત આયોજન થયેલ હતું. સંસ્થાના માનદ મંત્રી ડો. અશ્વિનભાઈ પંડયા અને અન્ય ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
# મહેતા છાત્રાલય

✍ સ્નેહાબેન જોષી



ચકલીની વસ્તી ઓછી થતી હોય, તે અંગેની જાગૃતતા વધે અને તેના સંવર્ધનમાં વૃધ્ધિ થાય, તે હેતુથી તા. ૨૦-૩ ના રોજ **વિશ્વ ચકલી દિન** નિમિત્તે, છાત્રાલયના શ્રવણમંદ વિદ્યાર્થીઓએ છાત્રાલયના પરીસરમાં વૃક્ષો ઉપર પક્ષીઓના માળાઓ બનાવીને બાંધ્યાં. તેમાં ચણ માટે જુવાર નાખી અને પીવા માટે પાણીના માટીના કુંડા મૂકયાં. આમ વિદ્યાર્થીઓમાં પક્ષીઓ પ્રત્યે સહાનુભૂતિ વધે, તેવા કાર્યો થયાં.

તા. ૩૦-૩ ના રોજથી ગુજરાતી મહિનો, ચૈત્રની શરૂઆત થઈ હતી. તેથી છાત્રાલયના તમામ વિદ્યાર્થીઓને લીમડાના કુમળા પાન અને મોર (ફૂલ) ખવરાવ્યાં હતાં તેમજ અઠવાડિયામાં બે વખત કડવા લીમડાનું પાણી સવારે વિદ્યાર્થીઓને પીવડાવેલ હતું. જેનાથી વિદ્યાર્થીઓને ત્વચાની બિમારી, તાવ, લૂ, પિત્ત વગેરેથી દૂર રાખીને તેઓને સ્વસ્થ રાખવાનો ઉદ્દેશ્ય હતો. એટલે જ કહેવાયુ છે કે ‘કડવા લીમડાના ગુણ ન હોય કડવા’

- ◈ તા. ૧૫-૩ ના રોજ ધો. ૧૨ ના બાળકોને બોર્ડની પરીક્ષા પૂરી થતા, દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકોને છાત્રાલય તરફથી દાતાના સહયોગથી ફેરવેલ પાર્ટી આપેલ. બાળકોએ ખૂબ જ આનંદ કરેલ અને ગૃહમાતાશ્રીઓને ‘મા’ કાર્ડ આપી, બાળકોએ તેઓની લાગણી વ્યકત કરેલ. અને બાલમંદિરથી ધો. ૧૨ સુધી હોસ્ટેલમાં રહેલ બાળકો ખૂબ જ ભાવવિભોર થઈ ગયા હતાં.
- ◈ તા. ૬-૪ ના રોજ રામનવમીના દિવસે બાળકોને મનગમતું ભોજન કરાવેલ અને રામનવમીનું મહત્વ સમજાવ્યું હતું.
- ◈ તા. ૭-૪ ના રોજ માનનીય શ્રી બાબાભાઈના જન્મદિવસ નિમિત્તે, બધાજ બાળકોને આઈસ્ક્રીમ આપેલ અને બાળકોએ પણ જન્મદિવસની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

આ માસ દરમ્યાન ઘણા બધા દાતાશ્રીઓ દ્વારા પોતાના સ્વજનના જન્મદિવસ, તેમજ તિથિ નિમિત્તે બાળકોને ભોજન, નાસ્તો, તેમજ બાળકોને પ્રિય તેવી કેરીનો રસ, તેમજ શેરડીનો રસ આપી, આનંદની લાગણી વ્યકત કરેલ.



# શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ

## છાત્રાલય



- ચકલીની વસ્તી ઓછી થતી હોય તે અંગેની જાગૃતતા વધે અને તેના સંવર્ધનમાં વૃધ્ધિ થાય, તે હેતુથી તા. ૨૦-૩ ના રોજ વિશ્વ ચકલી દિન નિમિત્તે, છાત્રાલયના શ્રવણમંદ વિદ્યાર્થીઓએ છાત્રાલયના પરીસરમાં વૃક્ષો ઉપર પક્ષીઓના માળાઓ બનાવીને બાંધ્યાં. તેમાં ચણ માટે જુવાર નાખી અને પીવા માટે પાણીના માટીના કુંડા મૂકયાં. આમ વિદ્યાર્થીઓમાં પક્ષીઓ પ્રત્યે સહાનુભૂતિ વધે, તેવા કાર્યો થયાં.
- તા. ૩૦-૩ ના રોજથી ગુજરાતી મહિનો, ચૈત્રની શરૂઆત થઈ હતી. તેથી છાત્રાલયના તમામ વિદ્યાર્થીઓને લીમડાના કુમળા પાન અને મોર (ફૂલ) ખવરાવ્યાં હતાં તેમજ અઠવાડિયામાં બે વખત કડવા લીમડાનું પાણી સવારે વિદ્યાર્થીઓને પીવડાવેલ હતું. જેનાથી વિદ્યાર્થીઓને ત્વચાની બિમારી, તાવ, લૂ, પિત્ત વગેરેથી દૂર રાખીને તેઓને સ્વસ્થ રાખવાનો ઉદ્દેશ્ય હતો. એટલે જ કહેવાયુ છે કે ‘કડવા લીમડાના ગુણ ન હોય કડવા’
- તા. ૧૫-૩ ના રોજ ધો. ૧૨ ના બાળકોને બોર્ડની પરીક્ષા પૂરી થતા, દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકોને છાત્રાલય તરફથી દાતાના સહયોગથી ફેરવેલ પાર્ટી આપેલ. બાળકોએ ખૂબ જ આનંદ કરેલ અને ગૃહમાતાશ્રીઓને ‘મા’ કાર્ડ આપી, બાળકોએ તેઓની લાગણી વ્યકત કરેલ. અને બાલમંદિરથી ધો. ૧૨ સુધી હોસ્ટેલમાં રહેલ બાળકો ખૂબ જ ભાવવિભોર થઈ ગયા હતાં.
- તા. ૬-૪ ના રોજ રામનવમીના દિવસે બાળકોને મનગમતું ભોજન કરાવેલ અને રામનવમીનું મહત્વ સમજાવ્યું હતું.
- તા. ૭-૪ ના રોજ માનનીય શ્રી બાબાભાઈના જન્મદિવસ નિમિત્તે, બધાજ બાળકોને આઈસ્ક્રીમ આપેલ અને બાળકોએ પણ જન્મદિવસની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.
- આ માસ દરમ્યાન ઘણા બધા દાતાશ્રીઓ દ્વારા પોતાના સ્વજનના જન્મદિવસ, તેમજ તિથિ નિમિત્તે બાળકોને ભોજન, નાસ્તો, તેમજ બાળકોને પ્રિય તેવી કેરીનો રસ, તેમજ શેરડીનો રસ આપી, આનંદની લાગણી વ્યકત કરેલ.



# અંબા સી.પી. હોસ્ટેલ

## માર્ચ-એપ્રિલ - ૨૦૨૫

લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૫-૩ ના રોજ શ્રી સંજયભાઈ હિરાણી (આર્કિટેક)...
- તા. ૨૫-૩ ના રોજ શ્રી જયદેવભાઈ પટેલ...
- તા. ૨૯-૩ ના રોજ શ્રી પંકજભાઈ બી. જોશી...
- તા. ૩૦-૩ ના રોજ શ્રી જીતુભાઈ શાહ...
- તા. ૦૩-૪ ના રોજ શ્રી રાજુભાઈ ઠક્કર...
- તા. ૦૭-૪ ના રોજ શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ...
- તા. ૦૮-૪ ના રોજ શ્રી શાલેહાબેન પઠાણ...
- તા. ૧૧-૪ ના રોજ શ્રી હિતેનકુમાર પંડયા...
- તા. ૧૨-૪ ના રોજ શ્રી વિજયભાઈ મોનાણી...
- તા. ૧૪-૪ ના રોજ શ્રી રૂતાશીબેન આચાર્ય...
- તા. ૧૫-૪ ના રોજ શ્રી મંજુલાબેન શાહ...

### નાસ્તો

- તા. ૨૬-૩ ના રોજ શ્રી અમૃતભાઈ બોરિચા...
- તા. ૨૮-૪ના રોજ રાષ્ટ્રિય સ્વય સેવક સંઘ...
- તા. ૩૧-૩ ના રોજ શ્રી પ્રદીપભાઈ ગોહેલ...
- તા. ૦૧-૪ ના રોજ શ્રી પ્રિયાંશી પરમાર...
- તા. ૦૩-૪ ના રોજ શ્રી બેચરભાઈ ગોયાણી...



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હીયરિંગ ઈમ્પાયર્ડ)

ડૉ. ધવલ વ્યાસ



**શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય (ઈંગ્લિશ મિડીયમ) ની વિદ્યાર્થીનીઓની મુલાકાત :**



તા. ૨૮-૩ ના રોજ ભાવનગરની શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય (ઈંગ્લિશ મિડીયમ) ની ધો. ૯ અને ધો. ૧૧ ની ૩૦ વિદ્યાર્થીનીઓએ શાળાની મુલાકાત લીધી હતી. તે દરમિયાન તેઓએ શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજને પણ નિહાળી હતી. કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી મયંકભાઈ પરમાર દ્વારા મુલાકાતીઓને કોલેજમાં ચાલતા અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપી હતી. ઉપરાંત, વર્તમાન સમયમાં વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દીની તકો રહેલી છે, તેની પણ વાત કરી હતી.

**B.Ed. Spl.Ed. (HI) સેમેસ્ટર - ૨ અને ૪ ના તાલીમાર્થીઓની આંતરિક પરીક્ષા :**

અભ્યાસક્રમના ભાગરૂપે **B.Ed. Spl.Ed. (HI)** અભ્યાસક્રમના સેમેસ્ટર - ૨ અને ૪ ના તાલીમાર્થીઓની આંતરિક થિયરી પરીક્ષા અનુક્રમે તા. ૧-૪ થી ૫-૪ અને તા. ૧-૪ થી ૩-૪ દરમિયાન યોજવામાં આવી હતી.

**B.Ed. Spl.Ed. (HI) સેમેસ્ટર - ૪ ના તાલીમાર્થીઓની ફાઈનલ લેશન પરીક્ષા :**



તા. ૭-૪ અને ૮-૪ દરમિયાન **B.Ed. Spl.Ed. (HI)** અભ્યાસક્રમના સેમેસ્ટર - ૪ ના તાલીમાર્થીઓની શ્રી કે. એલ. ઈન્સ્ટિયુટ ફોર ધ ડેફ સંચાલિત શ્રવણમંદ બાળકોની પ્રાથમિક શાળામાં આંતરિક ફાઈનલ લેશનની પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ પોતાના એકમ અનુરૂપ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી, અધ્યાપન કાર્ય કર્યું હતું.

## ભાવનગર નવજવાન સંઘ સંચાલિત
# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ
## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક

સૂર્યકાંત ચાવડા



**વિનામૂલ્યે નેત્ર-નિદાન કેમ્પ :**

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનીક ભાવનગર અને કચ્છ સમાજના સંયુક્ત ઉપક્રમે, તા. ૩૦-૩ ના રોજ સવારે ૧૦ થી ૧૨-૩૦ સુધી ભાવનગર કચ્છ સમાજ, કાળિયાબીડ ખાતે વિનામૂલ્યે નેત્ર-નિદાન કેમ્પ સંપન્ન થયેલ હતો.

આ કેમ્પનું શ્રી વર્ષાબા પરમાર (કોર્પોરેટરશ્રી, કાળિયાબીડ), શ્રી જયશ્રીબેન (નિયામકશ્રી જિલ્લા ગ્રામવિકાસ એજન્સી) કચ્છ સમાજ-ભાવનગરના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ, વી.સી. લોઢાવાળા હોસ્પિટલના આંખના નિષ્ણાત ડો. શ્રી ધ્રુવિલભાઈ નાયક તથા શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાના હસ્તે દીપ પ્રાગટય કરી, કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી.



આ કેમ્પમાં આંખને લગતી તકલીફવાળા ૩૦ જરૂરિયાતમંદ દર્દીઓની આંખની તપાસ કરીને સારવાર આપવામાં આવી હતી અને મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા ૦૬ દર્દીઓને નેત્રમણી મૂકીને મોતિયાનું ઓપરેશન વિનામૂલ્યે કરી આપવા માટે વી.સી. લોઢાવાળા હોસ્પિટલ, ભાવનગર ખાતે રીફર કરવામાં આવ્યાં હતાં.

આ કેમ્પને સફળ બનાવવા માટે ભાવનગર કચ્છ સમાજના અન્ય અગ્રણી અને વી.સી. લોઢાવાળા હોસ્પિટલના સ્ટાફ દ્વારા, સુંદર અને સુચારું વ્યવસ્થા કરવામાં આવી હતી.

**માર્ચ-૨૫ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | PSYCHIATRIC (M.D.) | 42 |
| OPD | 289 | ORTHOPEDIC DEPARTMENT | 35 |
| Cataract Surgeries - Free | 42 | CHEST PHYSICIAN | 04 |
| Cataract Surgeries - Paid | 18 | PHYSIOTHERAPY | 03 |
| EYE Retina | 09 | GENERAL OPD | 191 |
| ENT DEPARTMENT | | PSYCHIA TRIC | 48 |
| OPD | 349 | PEDIATRIC | 48 |
| OPERATION - PAID | 06 | SKIN DEPARTMENT | 118 |
| MINOR PROCEDURE | 70 | X-RAY DEPARTMENT | 0 |
| DENTAL DEPARTMENT | | LABORATORY PATIENT | 106 |
| OPD | 117 | LABORATORY TEST | 260 |
| PROCEDURE | 145 | SONOGRAPHY | 06 |
| MATERNITY | | CAMP | 02 |
| OPD | 00 | PATIENT | 70 |
| DELIVERY | 00 | SHAMJI MAVJI RELIEF | 10 |
| OPERATION | 00 | | |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



### વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસની ઉજવણી :

૨૧ માર્ચ એટલે **વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ**. આ દિવસ સમગ્ર વિશ્વમાં ડાઉન સિન્ડ્રોમ બાળકો-વ્યકિતઓની અવેરનેસ માટે ઉજવવામાં આવે છે. શાળામાં પણ આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના તાલીમ મેળવતા ડાઉન સિન્ડ્રોમ બાળકો માટે ડ્રોઈંગ તથા ડાન્સ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ ખૂબ જ આનંદ કર્યો હતો તથા દરેક બાળકોને શાળા તરફથી પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યાં હતાં. ડ્રોઈંગ કોમ્પિટીશન માટે ચિત્ર શિક્ષક શ્રી પુજાબેન રાઠોડ તથા ડાન્સ કોમ્પિટીશન માટે શિક્ષક શ્રી રેશ્માબેન શાહ, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા, શ્રી કોમલબેન રૂપેરાએ સરાહનિય કામગીરી નિભાવેલ. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

### શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ :

ભાવનગર મહાનગરપાલિકા-આરોગ્ય વિભાગ દ્વારા તા. ૨૫-૩ ના રોજ શાળા ખાતે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. મનાલી પટેલ-પિડીયાટ્રીક, ડો. પૂજા સાપડિયા-સાઈક્રીયાટ્રીક (સર.ટી. હોસ્પિટલ), મેડિકલ ઓફિસર પ્રતિક ગાબાણી (અર્બન હેલ્થ

સેન્ટર, ભરતનગર) દ્વારા કુલ ૨૦૦ બાળકોનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. તેમજ ગંભીર બીમારી જણાતા ૧૨ બાળકોને સંદર્ભ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતાં.

આ આરોગ્ય તપાસણી કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી પારસભાઈ પરમાર તથા તેમની ટીમે સુંદર કામગીરી બજાવી કાર્યક્રમને સફળ બનાવેલ.

**પ્રાર્થના સભા - શ્રેષ્ઠ કાર્યકર એવોર્ડ વિતરણ :**

દર વર્ષની માફક આ વર્ષે પણ સંસ્થાના દાતા શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના માતા-પિતા તથા તેમના ધર્મપત્નિના સ્મરણાર્થે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડો. ભાવનાબેન અંધારિયા, શિક્ષક શ્રી રેશ્માબેન શાહ, શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો રજૂ કર્યા હતાં અને તેમની સાથે સંગીત અંધ શાળાના બાળકોએ આપ્યું હતું. આ સાથે હંસાબેન જોટાણી પરિવાર તરફથી છેલ્લા બે વર્ષથી વર્ષ દરમ્યાન સંસ્થામાં શ્રેષ્ઠ કામગીરી કરતા શિક્ષક, કાર્યકરને સન્માનિત કરવામાં આવે છે. શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા સાહેબ દ્વારા આ વર્ષે શ્રેષ્ઠ કાર્યકર તરીકે શ્રી ભાવિષાબેન પારેખ અને શ્રેષ્ઠ સેવક તરીકે શ્રી ચિથરભાઈ ચોહલાને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ અને શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ, ટ્રસ્ટી શ્રી પારસભાઈ શાહ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન ડો. ભાવનાબેન અંધારિયાએ અને સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

**શ્રેષ્ઠ પ્રભારીનો એવોર્ડ મેળવતા સંસ્થાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ :**

સંસ્થાના માનદ મંત્રી અને ભાવનગરની અનેક સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા શ્રી અલ્પેશભાઈ શેઠને તા. ૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) દ્વારા રાજકોટ ખાતે આયોજિત શ્રી નાથધામ હવેલીના, સપ્તમ પાટોત્સવની ઉજવણીમાં, પૂજ્ય વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષનો **ભારતના શ્રેષ્ઠ પ્રભારીનો** એવોર્ડ પ્રાપ્ત થતા અંકુર સંસ્થા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. શ્રી અલ્પેશભાઈ શેઠને ખૂબ-ખૂબ અભિનંદન...

**શાળાના બાળકોની કલા પ્રસ્તુતિ :**

નવનિધિ દિવ્યાંગ ટ્રસ્ટ દ્વારા તા. ૨૯-૩ ના રોજ



સાંસ્કૃતિક તથા વિશેષ યોગ્યતા ધરાવતી મહિલાઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ૧૭ બાળકોએ એક સુંદર કૃતિ રજૂ કરી, ઉપસ્થિત શ્રોતાઓની સરાહના મેળવી હતી. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક શ્રી કિષ્નાબેન રૂપેરા, શ્રી કોમલબેન રૂપેરા, શ્રી હરદીપભાઈ કામળિયા, શ્રી ભાવિષાબેન પારેખ, શ્રી નરેશભાઈ ચૌહાણ તથા શ્રી રેખાબેન ચુડાસમા જોડાયાં હતાં. આ કૃતિની સુંદર કોરીયોગ્રાફી શ્રી કિષ્નાબેન રૂપેરા તેમજ શ્રી કોમલબેન રૂપેરા દ્વારા કરવામાં આવી હતી.

**શ્રી બાબાભાઈના જન્મદિવસની ઉજવણી :**

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતભાઈ એ. શાહ (બાબાભાઈ) ના જન્મદિવસ (૭ એપ્રિલ) નિમિત્તે શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને તેમના તરફથી આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**ઓટિઝમ અવેરનેસ ડે :**



શાળામાં તા. ૨-૪ ના રોજ **વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે** નિમિત્તે એક પેરેન્ટસ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માનદ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબે ઓટિઝમ બાળકોના વાલીઓને નિરાશા ખંખેરીને, આ બાળકો માટે બધું જ કરી છૂટવા માટે પ્રોત્સાહિત કર્યાં હતાં. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા ઓટિઝમ બાળકોના વિકાસમાં થેરાપીના મહત્વ અંગે રસપ્રદ શૈલીમાં રજૂઆત કરવામાં આવી હતી. તેમજ ભાવનગરના ઓટિઝમ ધરાવતા બે બાળકો કે જેમાંથી એક સ્પોર્ટસમાં ઈન્ટરનેશનલ લેવલે મેડલ ધરાવે છે તથા એક બાળક કે જે નોર્મલ બાળકો સાથે નેશનલ સ્કૂલમાં ખૂબ સારી રીતે અભ્યાસ કરે છે, તેમના વાલીઓએ પોતાના બાળકોની સફળતા અંગે વાત કરી હતી. તેમજ ભારતના બે સફળ ઓટિઝમ વ્યકિતઓ એક જે ખૂબ જ સારા સીંગર છે તથા અન્ય કે જે મોડલિંગ ક્ષેત્રે નામના ધરાવે છે તે બંનેના વિડીયો બતાવવામાં આવ્યાં હતાં.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે કર્યું હતું. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ



✍ યશ મહેતા

## PNR સોસાયટી ખાતે વિશ્વ પાર્કિન્સન્સ દિવસના મહોત્સવની ઉજવણી



ભાવનગરની PNR સોસાયટી સંચાલિત, PNR હોસ્પિટલ ખાતે, તા. ૨૦ એપ્રિલ,`૨૫ ના રોજ BKPPDMDS-મુંબઈ અને ભાવનગરની PNR સોસાયટીના સંયુકત ઉપક્રમે, ભાવનગરમાં ચાલતા પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપ અને હેલ્ધી એજીંગ ગ્રુપ દ્વારા, **વિશ્વ પાર્કિન્સન્સ દિવસ**ના મહોત્સવની ઉજવણી હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી.

માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના સ્વાગત પ્રવચન બાદ, એક દાયકાથી વધુ સમયથી નિયમીત ચાલતા અને વરિષ્ઠોની અક્ષમતાને સ્વીકારી, સેલિબ્રેશનમાં પ્રવૃત્ત થવાની પ્રવૃત્તિના કાર્યક્રમનું દીપ પ્રાકટય ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તથા પ્રાર્થના શ્રી નંદકિશોર પંડયા (PDSG) દ્વારા કરવામાં આવેલ. મહામંત્રી શ્રી પારસભાઈ શાહે પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ. પ્રસંગ પરિચય ડો. ભાવિનભાઈ માંડવિયા તથા મુખ્ય અતિથિપદેથી શ્રી નિશીથભાઈ મહેતા (માઈક્રોસાઈન) એ વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ અને હેલ્ધી એજીંગ ગ્રુપના મેમ્બરો દ્વારા ગ્રુપ ડાન્સ અને મનોરંજન કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડો. આયુષીબેન ત્રિવેદી દ્વારા તથા આભારવિધિ શ્રી નિલેશભાઈ ચલાળિયા દ્વારા કરવામાં આવી હતી.

## ૧ થી ૩૦ એપ્રિલ ૨૦૨૫ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

### P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Meena Lachhman Godhia - Mumbai | 2,000 |
| Shri Meena Lachhman Godhia - Mumbai | 3,000 |
| Shri Nisarg Gheewala - Bharuch | 5,000 |
| Shri Lajwanti Manilal Godhia Foundation - Mumbai | 51,000 |
| Shri Mangal Welfare Charitable Trust - Mumbai | 1,61,200 |
| Shri Sunitaben A. Marfatia - Mumbai | 15,000 |
| Shri Jay Harish Mehta - Mumbai | 5,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Sunitaben A.Marfatia - Mumbai | 15,000 |
| Shri Narangiben B.Vakharia Charitable Trust - Mumbai | 2,100 |
| Shri Hetal Bakulesh Shah - Mumbai | 5,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| M/S. RB One Source Private Limited - Mumbai | 10,00,000 |
| Shri B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Mahuva | 58,480 |
| Shri Mehta Keyurbhai Bharatbhai - Bhavnagar | 10,001 |
| Shri Upendrabhai J.Trivedi - Mumbai | 12,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| Retrofitting / Repairing Of Disabled / Handicapped | 10,000 |
| E.N.T. Operation Project Donation | 235 |
| So Hum Foundation (Jerry G Johns Project) | 8,000 |
| AT & T Student Sponsership Fund (2024-25) | 5,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Mahuva Refinery - Bhavnagar | 1,500 |
| Shri S And S Export - Mumbai | 7,000 |
| Shri Lilavantiben Pradyumnabhai Trivedi - Gandhinagar | 25,000 |
| Shri Matushri Kashiben Chunilal Anandpara Ch.Trust - Mumbai | 25,000 |
| Late Vandanaben Vijaykumar Dave - Bhav | 3,500 |
| Shri Dr. Shaila N. Shah - Bhavnagar | 1,50,000 |
| Shri Harilal Govindbhai Hirpar - Bhavnagar | 2,500 |
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Late Vinubhai Maganlal Thakar - Bhavnagar | 6,000 |
| Shri Vilasben Kiritbhai Raval - Bhavnagar | 6,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Late Bhimjibhai D. Desai - Bhavnagar | 15,000 |
| Shri Chandreshbhai Dave - Bhavnagar | 11,000 |
| Shri Nehalben Kalpeshbhai Vora - Mumbai | 11,000 |
| Shri Darshnaben Niranjanaben Mehta - Mum | 1,530 |
| Shri Pradipkumar Hargovinddas Parmar - Bhavnagar | 8,000 |
| Shri Shah Mohanraj Multanmal Shemla - Mumbai | 6,000 |
| Shri Kashmira B. Shah - Surat | 10,000 |
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt - Mumbai | 25,000 |
| Late Karamashibhai Kalubhai Vaghani - Bhavnagar | 6,000 |
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt - Mumbai | 25,000 |
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt - Mumbai | 25,000 |
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt - Mumbai | 10,000 |
| Shri Bhanumatiben Balkrushnabhai Bhatt - Mumbai | 15,000 |
| Shri Bakulaben Maheshbhai Trivedi - Ahmedabad | 25,000 |
| Shri Bakulaben Maheshbhai Trivedi - Ahmedabad | 10,000 |
| Shri Gopal Harshadrai Joshi - Bhavnagar | 5,000 |
| Shri Darshak Mukeshbhai Mehta - Mumbai | 6,000 |
| Shri Mukesh Pravinchandra Mehta - Bhavnagar | 51,000 |
| Shri Bhumit Ravindrabhai Shah - Mumbai | 50,000 |
| Shri Rasilaben Ratilal Doshi - Mumbai | 2,100 |
| Shri Harshita Sagar Ranglani - Bhavnagar | 6,000 |
| Shri Dilipsinhji Karansinhji Jadeja - Bhav | 11,500 |
| Shri Upendra Jashvantrai Trivedi - Mumbai | 12,000 |
| Shri Balubhai Ramjibhai Jambucha - Bhavnagar | 1,000 |
| Shri Bijal & Apoorva Mehta - Mumbai | 25,000 |
| Shri Anil P. Parekh - Mumbai | 53,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| | Rs. |
|---|---|
| Shri Pallaviben Kanchanbhai Patel - Bhavnagar | 1,00,000 |
| Shri Shaila Navinchandra Shah - Bhavnagar | 1,00,000 |
| Shri Dhansukhbhai Navalbhai Tailor - Surat | 51,000 |
| M/s. Doshi Housing Private Limited - Chennai | 51,000 |
| M/s. Matushri Kahibai Chunilal Anandpara CHT - Mumbai | 25,000 |
| Shri Udayji Nanjibhai Maru - Bhavnagar | 17,000 |
| Shri Milanbhai Parekh - Bhavnagar | 12,000 |
| Shri Upendra J. Trivedi - Mumbai | 12,000 |
| Shri Dhavalkumar N. Patel - Mehsana | 5,001 |
| Shri Dilip Dodhiwala - Mumbai | 5,000 |
| Late Shri Hirjibhai Shyamjibhai Dhamelia - Bhavnagar | 5,000 |
| Shri Divyaben Balabhai Senta - Bhavnagar | 5,000 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 5,000 |
| Shri Devang K. Pancholi - Bhavnagar | 2,100 |
| Shri Pushan Dilipbhai Alagiya - Bhavnagar | 1,111 |
| Shri Kavishaben Dilipbhai Alagiya - Bhavnagar | 1,111 |
| Late Shri Muktaben Shambhubhai Alagiya - Bhavnagar | 1,111 |
| Late Shri Shambhubhai Vallabhbhai Alagiya - Bhavnagar | 1,111 |
| Shri Ankitaben Dilipbhai Alagiya - Bhavnagar | 1,111 |
| Shri Chhaganlal Nathubhai Patel - Mumbai | 1,000 |
| Shri Shri Bijalben Niharbhai Gandhi - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Polyclinic

| | |
|---|---|
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 12,000 |



શ્રી સંજયભાઈ હિરાણી (આર્કિટેક), શ્રીમતી હેમાબેન હિરાણી તથા ડો. પ્રતિભાબેન ભટ્ટી તરફથી તા. ૨૫-૩ ના રોજ સ્કૂલ તથા હોસ્ટેલના બાળકોને, તેમના માતુશ્રી સ્વ. દેવીબેન બાબુભાઈ હિરાણીની પૂણ્યતિથિ નિમિત્તે બપોરનું ભોજન / મિષ્ઠાન સાથે કરાવેલ હતું. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ ભોજનની સમગ્ર વ્યવસ્થા-સંકલન ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયાના માર્ગદર્શન કરાય છે.

# PNR સોસાયટી તસ્વીર સમાચાર



મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'શ્રેષ્ઠ પ્રભારી એવોર્ડ' મેળવતા
'અંકુર' ના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ



'અંકુર' ના 'શ્રેષ્ઠ કર્મચારી એવોર્ડ'
મેળવતા શ્રી ભાવિશાબહેન



નેશનલ CRE પ્રોગ્રામનું દીપ પ્રાકટય કરતા મહાનુભાવો




'વર્લ્ડ પાર્કિન્સન્સ ડે' ની ઉજવણીનું દીપ પ્રાકટય કરતા મહાનુભાવો

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 May - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28



Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com